# મહિલાઓમાં બાયપાસ

પુરૂષોની સરખામણીએ મહીલાઓમાં બાયપાસનું પ્રમાણ ઓછુ છે. અત્યાર સુધી બધા સંશોધનોમાં પુરૂષોમાં બાયપાસ પર ધ્યાન કેન્દ્રિત કરાયુ છે. હમણાં છેલ્લા ઘણા વર્ષથી મહીલાઓ ઉપર પણ અભ્યાસ થવાનું ચાલં થયેલ છે.

દર ત્રણ મહીલાઓ એ એક મહીલાનું મૃત્યું હ્રદયની બીમારીને કારણે થાય છે. હ્રદયની બીમારી મહીલાઓમાં નાની ઉંમર માં પણ જોવા મળતું થયુ છે અને જયારે આવે છે ત્યારે તે અતી ગંભીર રૂપમાં આવે છે. ૨/૩ મહીલાઓમાં હાર્ટ એટેક આવ્યા પછી સંપૂર્ણપણે રીકવરી આવતી નથી. ૫૪% મહીલાઓ હ્રદયની બીમારી ના કારણે મૃત્યુ પામે છે, જયારે આ પ્રમાણ પુરૂષોના ૪૬% છે.

મહીલાઓમાં મેનેપોઝ પહેલાં હાર્ટ એટેક આવવાની સંભાવના બહુ જ ઓછી હોય છે, કારણ કે એમના હોર્મોન્સ નળીઓમાં



બ્લોક આવવાની પ્રક્રિયાને અટકાવે છે. પણ એમને ડાયાબીટીસ હોય તો હ્રદયની બીમારી વહેલી પણ આવી શકે છે.

બહેનોમાં જે પરંપરાગત છાતીનો દુ:ખાવો થતો હોય છે એવા ચીન્હો અને લક્ષણ ઓછા પ્રમાણમાં જોવામાં આવે છે.મોટા ભાગની મહીલાઓને પેટમાં ભરાવો, છાતીમાં બળતરા, શ્વાસમાં તકલીફ, ઉબકા, ગળામાં, પીઠમાં કે જડબામાં દુ:ખાવાની ફરિયાદ કરતા હોય છે.

સંશોધનો એ એવુ તારણ બહાર કાઢયું છે કે બાયપાસ પછી હોસ્પિટલમાં સ્ત્રીઓનું મૃત્યુદર, પુરુષોની સરખામણીમાં વધારે જોવામાં આવે છે. અને ખાસ કરીને જો ઓપરેશન નાની ઉંમરમાં કરવામાં આવે તો આ દર માટે સંશોધકોનું માનવું છે કે એના બે મુખ્ય કારણો છે એક કે મહીલાઓમાં હ્રદયની કોરોનરી ધમની પુરૂષોની સરખામણીમાં બહુ જ નાની હોય છે. અને બીજુ કે એમની શરીરનું કદ પણ નાનું હોવું અને સાથે-સાથે શરીરની બીજી ધમની અને શીરા પણ નાની હોય છે. બહેનો માં પણ મોટાપાનું પ્રમાણ વધારે હોવાના કારણે અને બીજી બીમારીઓનું પ્રમાણ વધારે હોવાના કારણે જોખમ વધારે હોય છે.

મહીલાઓમાં બાયપાસના પરિણામ સુધારવાની ચાવી:- બાયપાસની અમુક સર્જીકલ ટેકનીકથી આ ઓપરેશનના પરિણામ સુધારી શકાય છે.




**સીમ્સ એક્સપ્રેસ** (તે જ દિવસે એપોઇન્ટમેન્ટ નવા દર્દીઓ/બીજા અભિપ્રાય માટે)

**+૯૧-૭૯-૩૦૧૦૧૦૦૮/૧૨૦૦, +૯૧-૯૮૨૫૦૬૬૬૬૧**

(સોમવાર થી શનિવાર - સવારે ૯ થી સાંજે ૫ કલાક સુધી) www.cims.me

CIMS

**સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦.**

# મહિલાઓમાં બાયપાસ

બાયપાસ સર્જરીમાં બીટીંગ હાર્ટ સર્જરી અથવા ધબકતા હૃદયમાં સર્જરી કરવાથી સ્ત્રીઓમાં મૃત્યુદર ઘટાવી શકાય છે. આ ઓપરેશન માં બાયપાસનું ઓપરેશન હૃદયને બંધ કર્યા વગર એટલે હૃદય ધબકતું હોય, એની સાથે કરવામાં આવે છે.ધબકતા હૃદય પર બાયપાસ સર્જરી કરવાથી, ફેફસાની તકલીફ, લકવા થવાની શકયતા અને હોસ્પીટલના રોકાણમાં ઘટાડો કરી શકાય છે.

બીજુ કે બાયપાસ માટે વાપરવામાં આવતી ધમની અને શીરામાં પણ પસંદગીથી પરીણામોમાં બદલાવ લાવી શકાય છે. બાયપાસ માટે છાતીની ધમની અને હાથની ધમની  વાપરવાથી લાંબાગાળાના પરીણામોમાં ખાસુ સુધાર જોવામાં આવ્યો છે. અને આ ધમની લાંબા સમય સુધી ખુલ્લી અને કાર્યરત રહે છે.

મહીલાઓમાં બાયપાસના લાંબા




ગાળાના પરિણામો

સુશોધનોમાં એક બહુ મહત્વપૂર્ણ તારણ આવ્યું છે કે ભલે સ્ત્રીઓમાં બાયપાસ સર્જરી, વખતનું જોખમ પુરૂષોની સરખામણીમાં વધારે હોય,પણ એક વરસ પછીથી મહીલાઓમાં લાંબાગાળાના ફાયદા પુરૂષો કરતાં વધારે હોય છે.

મહીલાઓમાં વધારે વીટામીન કે કેલ્શીયમ લેવાથી કોઈપણ પ્રકારનો ફાયદો થતો નથી. મેનેપોઝની  હોર્મોન રીપ્લેસમેન્ટ થેરાપી કરવાથી બાયપાસનો દર ઘટતો નથી, પણ કેન્સરનો અને લકવાનો દર વધી જાય છે, માટે એ કરાવવું હીતાવહ નથી.

જીવનશૈલીમાં મહત્વના ફેરફાર

બાયપાસ સર્જરી કરવાથી હૃદય તરફ રૂધિરનો પુરવઠો વધે છે અને છાતીના દુ:ખાવામાં રાહત રહે છે, પણ એનાથી નળીઓમાં ચરબીનું પ્રમાણ જામવાની પ્રક્રિયા અથવા કહો કે હૃદયની ધમનીઓમાં સંકડાસ આવવાની પ્રક્રિયાને આપણે બંધ નથી કરી. બાયપાસ પછી પણ તમને આ ચરબી ( કોલેસ્ટેરોલ) ની પ્રક્રિયાને કાબુમાં રાખવા માટે તમારી જીવનશૈલી ને બદલવાની જરૂર છે. નિયમીત પ્રમાણે દવાઓ લેવાની જરૂર છે, અને ડોકટરની ભલામણો અનુસરવાની જરૂર છે.

**- લેખક**



**ડો. ધીરેન શાહ**
ડાયરેક્ટર
કાર્ડિયોથોરાસીક અને
વાસ્ક્યુલર સર્જન



**ડો. ધવલ નાયક**
કાર્ડિયોથોરાસીક અને
વાસ્ક્યુલર સર્જન



**સીમ્સ એક્સપ્રેસ** (તે જ દિવસે એપોઇન્ટમેન્ટ નવા દર્દીઓ/બીજા અભિપ્રાય માટે)
**+૯૧-૭૯-૩૦૧૦૧૦૦૮/૧૨૦૦, +૯૧-૯૮૨૫૦૬૬૬૬૧**
(સોમવાર થી શનિવાર - સવારે ૯ થી સાંજે ૫ કલાક સુધી) **www.cims.me**

CIMS

**સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦.**